# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિઓન સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે.

2) પ્રધાનમંત્રી આજે સવારે 11 વાગે આકાશવાણી પર પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.

3) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના ગાંધીનગરમાં PM ફેમિલી કેર ટ્રેકર પાયલોટ પ્રોજેક્ટનો સત્તાવાર આરંભ કરાવશે.

4) વિદેશ મંત્રાલયે કૈલાશ માનસરોવરની યાત્રા કરતાં ભારતીય નાગરિકોને જરૂરી તમામ દસ્તાવેજો વિના યાત્રા ન કરવા સલાહ આપી.

5) અમેરિકાએ સતત બીજા દિવસે ઈરાનના ઘણા સ્થળો પર હુમલા કર્યા - બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ કરાર પર અનિશ્ચિતતા.

6) કિદામ્બી શ્રીકાંતે યુએસ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની પુરુષ સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM SEYCHELLES VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિઓન સાથે વાતચીત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સહયોગની વ્યાપક સમીક્ષા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

## VC –AKSHIT

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે “મન કી બાત” કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 135મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

## SHAH - GUJARAT VISIT

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં PM ફેમિલી કેર ટ્રેકર પાયલોટ પ્રોજેક્ટનો સત્તાવાર આરંભ કરાવશે. આ નવી પહેલનો હેતુ પરિવારો માટે હેલ્થકેર ટ્રેકિંગ અને કલ્યાણ સુલભતામાં સુધારો કરવાનો છે.

આજે શ્રી શાહ અમદાવાદમાં બૂથ પ્રમુખો અને શક્તિ કેન્દ્રના પ્રભારીઓ માટે ખાસ ચિંતન શિબિરમાં હાજરી આપશે, જે દરમિયાન તેઓ પાયાની વ્યૂહરચનાઓની સમીક્ષા કરશે અને પક્ષના સ્થાનિક સભ્યો સાથે વાર્તાલાપ કરશે.

## DRI - CHINESE FIRECRACKERS

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ ચેન્નાઈ બંદર દ્વારા ભારતમાં ગેરકાયદેસર ફટાકડાની દાણચોરી કરવાના બે પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે. આ ફટાકડા ચીનમાં બનાવવામાં આવ્યા હતા.

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે અધિકારીઓએ ચીનથી આવતા બે કન્ટેનર જપ્ત કર્યા હતા, જેમાં ટ્રોલી બેગ અને સ્પ્રેયર ભરેલા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે તપાસમાં જાણવા મળ્યું છે કે કન્ટેનરમાં આશરે 46 હજાર ફટાકડા છુપાયેલા

**હતા. એક અલગ કિસ્સામાં ચેન્નાઈ કસ્ટમ વિભાગે ચાઇનીઝ ફટાકડાની દાણચોરી કરતી એક ગેંગનો પણ પર્દાફાશ કર્યો હતો.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MEA - KAILASH MANSAROVAR

**વિદેશ મંત્રાલયે કૈલાશ માનસરોવરની યાત્રા કરી રહેલા ભારતીય નાગરિકોને જરૂરી તમામ દસ્તાવેજો વગર યાત્રા ન કરવા સલાહ આપી છે.**

**એક અહેવાલ.......**

**VC- ANKIT KUMAR**

કૈલાશ માનસરોવરની યાત્રા કરી રહેલા આશરે 52 ભારતીય નાગરિકો હાલ નેપાળના કાઠમંડુમાં ફસાયેલા છે અને તેમની આગળની યાત્રા માટે તાત્કાલિક સહાયની માંગ કરી રહ્યા છે.

દરમિયાન 20 જૂને કૈલાશ માનસરોવરની યાત્રા કરી રહેલા યાત્રાળુઓનો પહેલો સમૂહ નાથુલા પાસ ખાતે ભારત-ચીન સરહદ દ્વારા ચીનમાં પ્રવેશ્યો હતો.

# VENEZUELA QUAKE TOLL

વેનેઝુએલામાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને એક હજાર 430 થયો છે. ગયા બુધવારે વેનેઝુએલામાં 7.2 અને 7.5ની તીવ્રતાના બે શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા, જેના કારણે વ્યાપક નુકસાન થયું હતું. દેશમાં 68 હજારથી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે. લા ગુએરા પ્રદેશને સૌથી વધુ નુકસાન થયું છે.

# US STRIKE – IRAN

અમેરિકા સેનાએ જણાવ્યું કે તેણે સતત બીજા દિવસે ઈરાનના ઘણા સ્થળોએ હુમલા કર્યા છે, જેના કારણે બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ કરાર પર અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે શુક્રવારે તેલ ટેન્કર કિકુ પર થયેલા હુમલાના જવાબમાં અમેરિકાએ ઈરાની લશ્કરી થાણા, સંદેશાવ્યવહાર પ્રણાલીઓ, હવાઈ મથકો, ડ્રોન અને ખાણકામ ક્ષમતાઓને નિશાન બનાવી હતી.

સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે ઈરાને તેલ ટેન્કર કિકુ પર હુમલો કરવા માટે ડ્રોનનો ઉપયોગ કર્યો હતો, આ ટેન્કર 20 લાખ બેરલથી વધુ ક્રૂડ ઑઇલ લઈને હોર્મુઝ સમુદ્રધુનીમાંથી પસાર થઈ રહ્યું હતું. અમેરિકાએ જણાવ્યું હતું કે ઈરાને તેલ ટેન્કર પર હુમલો કરીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. દરમિયાન, ઈરાની રાજ્ય મીડિયાએ હોર્મુઝની ઉત્તરે વિસ્ફોટોના અહેવાલ આપ્યા હતા.

## US OPEN BADMINTON

કિદામ્બી શ્રીકાંતે યુએસ ઓપન બેડમિન્ટન સ્પર્ધાની પુરુષ સિંગલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. શ્રીકાંતે અમેરિકાના કેલિફોર્નિયામાં સેમિફાઇનલમાં જાપાનના યુડાઇ ઓકિમોટોને 22-20, 15-21, 21-19 થી હરાવ્યો હતો.

આજે પુરુષોની સિંગલ્સની બીજી સેમિફાઇનલમાં ભારતના રૌનક ચૌહાણનો સામનો ચાઇનીઝ તાઇપેઈના સુ લી યાંગ સામે થશે. મહિલા સિંગલ્સમાં ભારતની દેવિકા સિહાગ સેમિફાઇનલમાં ડેનમાર્કની લાઇન ક્રિસ્ટોફરસન સામે હારી ગઈ.

## CHESS - ETHAN VAZ

ગોવાના 14 વર્ષીય એથન વાઝે બોસ્નિયા અને હર્ઝેગોવિનામાં યોજાયેલી સારાજેવો જીએમ મિશ્ર ચેસ ટુર્નામેન્ટમાં ત્રીજો અને અંતિમ ગ્રાન્ડમાસ્ટર નોર્મ હાંસલ કર્યો છે, એથન ભારતનો 96મો ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યો છે. આ સિદ્ધિ સાથે એથન અનુરાગ મ્હામલ અને લિયોન મેન્ડોન્કા બાદ ગોવાનો ત્રીજો ગ્રાન્ડમાસ્ટર બન્યો છે. એથને દસ ગ્રાન્ડમાસ્ટરને હરાવી આ ખિતાબ જીત્યો છે.

# WOMENS T20 WC - CRICKET

ICC મહિલા T20 વિશ્વકપમાં લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ગ્રુપ A ની છેલ્લી મેચમાં ભારત આજે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં, મહિલા ટીમ હાલમાં ગ્રુપ A માં બીજા સ્થાને છે, ટીમે ચારમાંથી ત્રણ મેચ જીતી છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ચાર મેચમાં ચાર જીત સાથે ટેબલમાં ટોચ પર છે. ભારત સેમિફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માટે અજેય ઓસ્ટ્રેલિયા પર વિજય મેળવવાનું લક્ષ્ય રાખશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોને મુખ્ય માથાળામાં સ્થાન અપાયું છે.
- ગુજરાત સમાચારે.. અફઘાનિસ્તાનમાં 6.2 નો ભૂકંપ : ભારતમાં ધ્રુજારી – ને મુખ્ય મથાળું બનાવ્યું છે
- સંદેશની હેડલાઇન છે.. ઈરાનના શસ્ત્ર ભંડાર પર અમેરિકા દ્વારા હુમલા..
- 1 લાખ કરોડના એપ માર્કેટમાં 40 લાખ ડ્રાઈવર માટે શૂન્ય કમિશનની ભારત ટેક્સી – આ હેડ લાઇન છે દિવ્ય ભાસ્કરની
- નવગુજરાત સમયે.. રામમંદિરમાં નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરી કરોડોના દાનની ચોરીને મુખ્ય માથાળામાં સ્થાન આપ્યું છે
- આ ઉપરાંત મહારાષ્ટ્રમાં પેપર લીક ટેટની પરીક્ષા મોકૂફ.. કરાચીમાં આત્મઘાતી હુમલામાં નવનાં મોત.. ઓપન એઆઈ – એનથરોપિકના નવા એઆઈ મોડલ પર ટ્રમ્પ સરકારના નિયંત્રણો જેવા વિવિધ સમાચારો પણ વાંચવા મળી રહ્યા છે.